**જોઈએ છે.** **શ્રી સદ્‌વિધા મંડળ, ભરૂચ સંચાલિત**

# (૧) એમ.કે. કોલેજ ઓફ કોમર્સ (૨) શ્રી જે.પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ (૩) મહામંડલેશ્વર શ્રી કૃષ્ણાનંદજી લૉ કોલેજ

શ્રી સદ્‌વિધા મંડળ, ભરૂચ સંચાલિત નીચે દર્શાવેલ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તરફથી મળેલ મંજૂરીથી બિન શૈક્ષણિક વર્ગ-૩ની જગ્યા ભરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યાની ભરતી સંબધિત જરૂરી વિગતો અને અરજીનો નમુનો કોલેજની વેબસાઈટ પર મુકેલ છે. ઉમેદવારે કવર ઉપર કઈ જગ્યા માટે અને કઈ કોલેજ માટે અરજી કરેલ છે તે જણાવવું જરૂરી છે.

**(A) એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ. (www.mkccollege.ac.in)**

| અનું.નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧. | જુનિયર ક્લાર્ક | ૧ | દિવ્યાંગજન બેન્ચમાર્ક ડિસેબિલિટીની કેટેગરી B<br>D - Deaf બધિર ઓછું સાંભળનાર |
| ૨. | સિનિયર ક્લાર્ક | ૧ | Open |

**(B) શ્રી જે. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ. (www.jpcollege.net)**

| અનું.નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧. | જુનિયર ક્લાર્ક | ૧ | ST |
| ૨. | જુનિયર ક્લાર્ક | ૧ | SEBC |
| ૩. | લેબ આસિસ્ટન્ટ | ૧ | SEBC |
| ૪. | લેબ આસિસ્ટન્ટ | ૧ | દિવ્યાંગજન બેન્ચમાર્ક ડિસેબિલિટીની કેટેગરી B<br>D - Deaf બધિર ઓછું સાંભળનાર |

**(C) મહામંડલેશ્વર શ્રી કૃષ્ણાનંદજી લૉ કોલેજ, ભરૂચ. (www.msklaw.ac.in)**

| અનું.નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧. | સિનિયર ક્લાર્ક | ૧ | Open |

સદર જગ્યા સરકારશ્રીના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના વખતો વખતના જે તે સંવર્ગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે. નિમણૂંક પામેલા ઉમેદવારોને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચુકવવામાં આવશે. ત્યાર બાદ સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગાર ધોરણ લાગુ પડશે. નિમણૂંક પામનાર ઉમેદવારને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તરફથી મળેલ NOCમાં દર્શાવેલ તમામ શરતોને બંધનકર્તા રહેશે. અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રો ની પ્રમાણિત નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૫માં સ્પીડ પોસ્ટ દ્વારા અરજી મળી રહે તેમ મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાવાળુ ૧૦X૪ નું ખાલી કવર તથા તેના ઉપર રૂ. ૪૦/-ની ટપાલ ટીકીટ લગાવી અને બિન અનામત કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૫૦૦/- અને અનામત કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૪૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ (નોન રિફન્ડેબલ) જે તે કોલેજના નામનો અવશ્ય સામેલ રાખી નીચેના સરનામે મોકલી આપવાનો રહેશે.

**શ્રી સદ્‌વિધા મંડળ, કોલેજ કેમ્પસ, જૂનો નેશનલ હાઈવે નં. ૮, ભરૂચ - ૩૯૨૦૦૧. ફોન નં. (ઓ.) (૦૨૬૪૨) ૨૪૫૮૬૪**

Principal
Mahamandleshwar Shri Krishnanandji
College of Commerce, Bharuch

CHAIRMAN
SHRI SAD VIDYA MANDAL
BHARUCH

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.–૩૮૨૦૧૦

**ક્રમાંક:** કવટ/isc3/વર્ગ–૩/NOC/૨૦૫૯૮-૭૦૦ તા.૨૩/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
મહામંડલેશ્વર શ્રી કૃષ્ણાનંદજી કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ

**વિષય:** બિન શૈક્ષણિક વર્ગ–૩ ની જગ્યા ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબત .

**સંદર્ભ:** ૧.શિ.વિ.નો તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ED/KWR/e–file/ 3/2024/2820/kh.
૨.ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓ.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વિગતો આધારે નીચે મુજબની વર્ગ–૩ની જગાઓ નીચે જણાવેલ નિયમ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | અનામત કેટેગરી |
|---|---|---|---|
| 1 | સિનિયર કલાર્ક | 1 | OPEN |

**શરતો:** –

1) સદર એન.ઓ.સી. અનુદાનિત બી.એડ.કોલેજો માટે સરકારશ્રીના તારીખ:૦૮/૦૮/૧૯૮૩ નાં ઠરાવ તથા અનુદાનિત પ્રવાહની વાણિજ્ય,વિજ્ઞાન,વિનયન,લો કોલેજો અને ખાસ સંસ્થાઓ માટેના સંદર્ભ–૨ના ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓને આધીન તેમજ પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણે આધીન રહેશે.તેમજ આ જગા ઉક્ત ઠરાવોની જોગવાઇઓ મુજબ જ્યાં સુધી વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી તથા ભરાયેલ જગ્યા કોઇપણ કારણસર ખાલી ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.

D. A. chauhan / T. V. sam
133 NOC
07-10-2025

2) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગ્યા ભરવા માટે જ આપની કોલેજ કે સંચાલક મંડળ હસ્તકની કોલેજમાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય કોલેજમા સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.

3) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ED/KWR/e-file/ 3/2024/2820/khની શરતોને આધીન આપવામાં આવે છે.

4) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૮(આઠ) માસ સુધી ચાલુ રાખી શકાશે. જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. એન. ઑ.સી. રીન્યુ કરી આપવામાં આવશે નહી.

5) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી સામાન્ય વહિવટ વિભાગ,નાણા વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે.

6) શિક્ષણ વિભાગના તારીખ:૦૬/૧૦/૧૯૯૮ ના ઠરાવ ક્રમાક:બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ. અન્વયે આ કચેરીનાં તારીખ:૦૨/૧૧/૧૯૯૯ પરિપત્ર ક્રમાક:ઉબક/ડીપી/(વ.૨)/ક/૮૯-૯૯/૦૦૮ થી ૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિ એ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વ મંજુરી આ કચેરીએ થી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

7) સીધી ભરતીથી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગનાં તા:૧૪/૦૩/૧૯૮૯ ના પરિપત્રની જોગવાઈ મુજબ રાજ્ય વ્યાપી પ્રસિધ્ધ દૈનિક વર્તમાનપત્ર અને સ્થાનિક વર્તમાનપત્રમાં જે તે કેટેગરી માટે અનામત રાખી હોય તેનો તેમજ જગ્યાની સંખ્યા અને પગાર ધોરણ નો ઉલ્લેખ કરી નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારેજ અરજી કરવા સ્પષ્ટ જણાવવાનું રહેશે. એનઓસીની તારીખથી મોડામાં મોડા ૪૫ દિવસમાં રાજ્ય વ્યાપી પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર અને સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની રહેશે.

8) પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તારીખ:૦૩/૦૧/૧૯૯૨ ના પરિપત્રમાં અને શિક્ષણ વિભાગના તા.૨૪/૦૧/૨૦૧૯ના સુધારા યાદી ક્રમાંક: કવટ/ISC3/ભરતી/૨૦૧૯/૨૭૯૧-૨૯૭૬થી જણાવ્યા મુજબના આપના જિલ્લા/નજીકના જિલ્લામાં આવેલ સરકારી કોલેજના આચાર્ય/સિનિયર અધ્યાપક/કોલેજ રજીસ્ટ્રારને સરકારી પ્રતિનિધિ તરીકે અવશ્ય બોલાવવાના રહેશે.

9) નિમણુક કરવામાં આવતી જગાની પુર્વ મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેરખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

10) આ કચેરીની પુર્વમંજુરી/વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ નિમણુક આપવાની રહેશે તથા નિમણુંક પામનાર ઉમેદવારની નિમણુંક પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના

તારીખ:૨૦/૧૦/૨૦૧૫ ની નિયત કરવામા આવેલ વખતો વખત થયેલ સુધારા ઠરાવોના ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં અનુસાર કરવાની રહેશે.

11) પાંચ વર્ષ દરમ્યાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે નહી આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ,વચ્ચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ,બોનસ,એલટીસી,રજાનુ રોકડમાં રૂપાંતર,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને એક્સ્ગ્રેસિયા રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

12) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

13) જે કોલેજમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ કર્મચારીઓને છુટા કરવામા આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

14) આ જગા હેઠળ નિમણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

15) આ જગા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે..

16) નિમણુંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે ગેરશિસ્તના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચુક કરવાની રહેશે.

17) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

18) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

19) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનુ રહેશે

20) જે બઢતીની કેડરમાં ફીડર કેડરમાં કર્મચારી ઉપલબ્ધ નથી તેવી સિનિયર કલાર્ક અને હેડ કલાર્કની સીધી ભરતી એક વખતના સામાધાન અન્વયે ખાસ કિસ્સામાં બઢતીની કેડરને સીધી ભરતીથી ભરવાની મંજૂરી મળેલ છે. આથી, સદર જગ્યાઓ માત્ર એકવાર જ સીધી ભરતીથી ભરવાની રહેશે.

21) લેબ આસિસ્ટંટ સંવર્ગની જગ્યાઓ જે વિષયની જગ્યા ખાલી હોય તે વિષયની સ્નાતક કક્ષાની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

22) ઉક્ત જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૧૫ બાદ ખાલી થયેલ હોય તો જ ભરવાની રહેશે.

**નોંધ ઉપર માન. આયુક્તશ્રીના મળેલ આદેશાનુસાર...**

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ રવાના:**

- પ્રમુખ/મંત્રીથી, કોલેજ સબંધિત સંચાલક મંડળ
- હુકમ ફાઇલે

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
કપટ શાખા, બ્લોક નં ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.- ૩૮૨૦૧૦

ક્રમાંક:કપટ/isc3/NCC /૨૧૪૮૩-૮૫ તા. ૧૭/૦૭/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
એમ કે કોલેજ ઓફ કોમર્સ, ભરુચ.

વિષય: બિન શૈક્ષણિક વર્ગ-૩ ની જગા ભરવા માટે એન.ઓ.સી.
સંદર્ભ:૧.શિ.વિનો તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ED/KWR/e-file/ 3/2024/2820/kh
૨. સામાન્ય વહીવટ વિભાગનો દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી અંગેનો તા. ૧૮.૧૧.૨૦૨૪ નો પરિપત્ર ક્રમાંક:- સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨(ભાગ-૧).
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- પરચ/૧૫૨૦૨૪/CHE-33/ખ તા.૦૩/૦૬/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી આ કચેરીના સુચનાનુસાર રજુ કરવામાં આવેલ વખતો વખતની વિગતો આધારે આપના મંડળ સંચાલિત કોલેજમાં નીચે મુજબની વર્ગ-૩ની જગાઓ નીચે જણાવેલ નિયમ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | દિવ્યાંગજનોની ખાસ ભરતી અંતર્ગત ફાળવેલ બેન્ચમાર્ક ડિસેબિલિટીની કેટેગરી |
|---|---|---|---|
| ૧ | જુનિયર કલાર્ક | 1 | B |

નોંધ:- ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૩.૦૬.૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક:- પરચ/૧૫૨૦૨૪/ CHE-33/ખ મુજબ નક્કી કરાયેલ બેન્ચમાર્ક ડીસેબીલીટી ધરાવતા ઉમેદવારોની જ પસંદગી કરવાની રહેશે.

(A) B – (Blind) અંધ, LV – (Low Vision) ઓછી દ્રષ્ટિ

(B) D – (Deaf) બધિર, HH – (Hard of Hearing) ઓછું સાંભળનાર

(C) OA – (One Arm) એક હાથ, BA – (Both Arms) બંને હાથ, OL – (One Leg) એક પગ, BL – (Both Legs) બંને પગ, OAL – (One Arm and Leg) એક હાથ અને પગ, CP – (Cerebral Palsy) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, LC – (Leprosy Cured) રક્તપિત્તમાંથી સાજા થયેલ, Dw – (Dwarfism) વામનતા, AAV – (Acid Attack Victim) એસિડ એટેકનો ભોગ બનેલ, SD – (Spinal Deformity) કરોડરજ્જુની વિકૃતિ, SI – (Spinal Injury) કરોડરજ્જુમાં ઇજા

Inward No 92 File No.
02 08 25

(D) ASD(M) – (Autism Spectrum Disorder (Mild)) સ્વલીનતા (મૃદુ), SLD – (Specific Learning Disability) ખાસ વિષય શીખવાની અક્ષમતા, MI – (Mental Illness) બૌદ્ધિક દિવ્યાંગતા

MD – (Multiple Disabilities involving (A) to (D)) ખંડ (A) થી (D) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા

શરતો: –

1) સદર એન.ઓ.સી. અનુદાનિત બી.એડ.કોલેજો માટે સરકારશ્રીના તારીખ:૦૮/૦૮/૧૯૮૩ નાં ઠરાવ તથા અનુદાનિત પ્રવાહની વાણિજ્ય,વિજ્ઞાન,વિનયન,લો કોલેજો અને ખાસ સંસ્થાઓ માટેના સંદર્ભ–૧ના ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓને આધીન તેમજ પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણે આધીન રહેશે.તેમજ આ જગા ઉક્ત ઠરાવોની જોગવાઇઓ મુજબ જ્યાં સુધી વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી તથા ભરાયેલ જગ્યા કોઇપણ કારણસર ખાલી ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.
2) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગા ભરવા માટે જ આપની કોલેજ કે સંચાલક મંડળ હસ્તકની કોલેજમાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય કોલેજમા સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.
3) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:E D /K WR /e –f i l e / 3/2024/2820/k h ની શરતોને આધીન આપવામાં આવે છે.
4) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી ચાલુ રાખી શકાશે.જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે.
5) ૫.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી સામાન્ય વહિવટ વિભાગ,નાણા વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે.
6) શિક્ષણ વિભાગના તારીખ:૦૬/૧૦/૧૯૯૮ ના ઠરાવ ક્રમાક:બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ. અન્વયે આ કચેરીનાં તારીખ:૦૨/૧૧/૧૯૯૯ પરિપત્ર ક્રમાક:ઉબક/ડીપી/(૫.૨)/ક/૯૮–૯૯/૦૦૮ થી ૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિ એ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વ મંજુરી આ કચેરીએ થી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.
7) સીધી ભરતીથી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગનાં તારીખ:૧૪/૦૩/૧૯૮૯ ના પરિપત્રની જોગવાઇ મુજબ રાજ્ય વ્યાપી પ્રસિધ્ધ દૈનિક વર્તમાન પત્ર અને સ્થાનિક વર્તમાન પત્રમાં જે તે કેટેગરી માટે અનામત રાખી હોય તેનો તેમજ જગ્યાની સંખ્યા અને પગાર ધોરણ નો ઉલ્લેખ કરી નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારેજ અરજી કરવા સ્પષ્ટ જણાવવાનું રહેશે.
8) પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તારીખ:૦૩/૦૧/૧૯૯૨ ના પરિપત્રોમા જણાવ્યા મુજબના પ્રતિનિધિને અવશ્ય બોલાવવાના રહેશે.
9) નિમણુક કરવામાં આવતી જગાની પુર્વ મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેર ખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

10) આ કચેરીની પુર્વમંજુરી/વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ નિમણુક આપવાની રહેશે તથા નિમણુક પામનાર ઉમેદવારની નિમણુંક પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ ની નિયત કરવામા આવેલ વખતો વખત થયેલ સુધારા ઠરાવોના ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં અનુસાર કરવાની રહેશે.

11) આ પાંચ વર્ષ દરમ્યાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે નહી આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ,વચગાળ'ની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ,બોનસ,એલટીસી,રજાનુ રોકડમાં રૂપાંતર,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને એકસ્ગ્રેસિયા રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

12) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાશેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

13) જે કોલેજમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ કર્મચારીઓને છુટા કરવામા આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

14) આ જગા હેઠળ નિમણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

15) આ જગા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

16) આ જગા હેઠળ નિમણુંક પામનારે કાર્ય મથક પર રહેઠાણે ફરજિયાત રહેવાનુ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

17) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી આઠ કી.મી. બહાર જવાનું થાય તો સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન નિયમોનુસાર ભથ્થા મળવા પાત્ર થશે.

18) નિમણુંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચુક કરવાની રહેશે.

19) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

20) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

21) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનુ રહેશે

22) આ એન.ઓ.સી. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ-(૦૨) મુજબ દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ હેઠળ આપવામાં આવે છે અને આ ભરતી માટે ફાળવેલ બેન્ચમાર્ક ડિસેબિલિટીની કેટેગરીનું શિક્ષણ વિભાગના સંદર્ભ-(૦૩)દર્શિત ઠરાવ ચુસ્તપણે પાલન કરી નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટી ધરાવતા ઉમેદવારોની જ પસંદગી કરવાની રહેશે.

**નોંધ ઉપર માન.આયુક્તશ્રીના આદેશાનુસાર ...**

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ રવાના:

-પ્રમુખ/મંત્રીશ્રી, કોલેજ સબંધીત સંચાલક મંડળ,

- હુકમ ફાઇલે